મીઠાના ઉત્પાદન માટે ભાડાપટ્ટે ફાળવેલ
જમીનમાં વારસાઈના કિસ્સામાં પ્રિમીયમ
ભરવામાંથી મુકિત બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંકઃમઠજ–૪૩૭૮–૧૦૦૨૮–ક
સચિવાલય,ગાંધીનગર
તા.૧૪/૭/૨૦૦૪.

વંચાણમાં લીધાઃ–

૧.મ.વિ.ના ઠરાવ ક્રમાંકઃમઠજ–૧૫૯૭–૧૩૭૨–ક, તા.૧૦–૧૦–૨૦૦૦

ઠ રા વઃ–

સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી મીઠાના ઉત્પાદન માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે ફાળવવાની નીતિ નકકી થયેલ છે.આ નીતિમાં જમીનની તબદીલી યા હસ્તાંતર કરવાના પ્રસંગે સરકારશ્રીની પૂર્વમંજૂરી મેળવવાની રહે છે.આવી મંજૂરી આપતી વખતે પટ્ટેદાર પાસેથી પ્રિમીયમની રકમ તરીકે એક વર્ષના ભાડા(ગ્રાઉન્ડ રેન્ટ) જેટલી રકમ લેવામાં આવે છે.જમીન ધારણ કરનાર પટ્ટેદારના અવસાનના પ્રસંગે વારસાઈ હકથી ધારણ કરનાર પાસેથી પ્રિમીયમની રકમ લેવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે વારસાઈ દ્વારા પટ્ટાની ફેરબદલી થતી હોય તેવા કિસ્સામાં તેને તબદીલી કે હસ્તાંતર ગણવામાં આવતું ન હોય વારસાઈ ( Direct Blood Relation )દ્વારા થતી પટ્ટાની ફેરબદલીમાં પ્રિમીયમની રકમ વસૂલ લેવાની રહેશે નહી.તેવું ઠરાવવામાં આવે છે.

આ ઠરાવની જોગવાઈઓ હાલ આવા જે કેસો અનિર્ણિત છે તેવા કેસોને પણ લાગુ પડશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૬/૭/૨૦૦૪ ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અ.વી.દેસાઈ)
ઉપસચિવ,
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,
– બધા કલેકટરશ્રીઓ,
– ઉદ્યોગ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
– જનરલ મેનેજરશ્રી બધા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
– એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને જમીન રેકર્ડ નિયામકશ્રી,ગુજરાત રાજય,અમદાવાદ
– બધા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
– બધા પ્રાન્ત અધિકારીશ્રીઓ,
– ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
– સચિવશ્રી(વિવાદ)મહેસુલ વિભાગ,અમદાવાદ
– મહેસુલ વિભાગની અ,લ,ગ,અ.૧ શાખાઓ
– મહેસુલ તપાસણી કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર
– સચિવશ્રી,ખાર જમીન વિકાસ મંડળ,૧૪,કૃતિકા સોસાયટી,પાલડી અમદાવાદ
– સોલ્ટ કમિશ્નરશ્રી,ભારત સરકાર,પો.ઓ.બો.નં.૧૩૯,જયપુર,(પત્ર વ્વારા)
– ડેપ્યુટી સોલ્ટ કમિશ્નરશ્રી,ભારત સરકાર અજન્ટા કોમર્શીયલ સેન્ટર,આશ્રમ રોડ, અમદાવાદ(પત્રવ્વારા)
– સીલેકટ ફાઈલ 'ક' શાખા,મહેસુલ વિભાગ
– ટેબલ પસંદગી ફાઈલ (નાયબ સેકશન અધિકારી)